# મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા મકાઈની વૈજ્ઞાનિક ખેતી અંતર્ગત ખેડૂત તાલીમ યોજાઈ.

પંચમહાલ, દાહોદ અને મહીસાગર જીલ્લાના મુખ્ય પાક એવા મકાઈ પાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા અત્રેના કેન્દ્ર ખાતે તા.૧૮/૦૯/૨૦૧૮ ના રોજ મકાઈની વૈજ્ઞાનિક ખેતી અંગે ફાઉન્ડેશન ફોર ઇકોલોજિકલ સેક્યુરિટી (એફ.ઈ.એસ), દાહોદ દ્વારા ૪૦ ખેડૂત-મિત્રો માટે તાલીમનું આયોજન કરેલ હતું.

ખેડૂતોને મકાઈની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા એ ખુબ જ અગત્યનું હોઈ આ અંગેની તાલીમ આપવા ફાઉન્ડેશન ફોર ઇકોલોજિકલ સેક્યુરિટી (એફ.ઈ.એસ), દાહોદ દ્વારા અત્રેના કેન્દ્ર ખાતે એક દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૪૦ જેટલા ખેડૂતમિત્રોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. આ તાલીમ કાર્યક્રમમાં અત્રેના કેન્દ્રના યુનિટ હેડ અને સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી ડો.એમ.બી.પટેલ દ્વારા મકાઇની મુલ્ય વર્ધિત તથા સંયોજિત અને સંકર જાતો અંગેની માહિતી આપેલ હતી તેમજ ખેડૂત-મિત્રોને સંકર જાતોની વાવણી કરવા પર ભાર મુકેલ હતો.

ડૉ.પી.કે.પરમાર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (બ્રીડીંગ) એ મકાઈમાં બીજ ઉત્પાદન અને સીડ વિલેજ પ્રોગ્રામની માહિતી આપેલ હતી.

પ્રો.ડી.એમ.રાઠોડ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) દ્વારા મકાઈમાં રસાયણિક ખાતરનો જુદી-જુદી અવસ્થા દરમ્યાન વપરાશ અંગે સચોટ માર્ગદર્શન આપેલ હતું અને વૈજ્ઞાનિક અને નફાકારક ખેતી પદ્ધતિ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી તેમજ દ્વારા મકાઈ પાકમાં જૈવિક ખાતરનું મહત્વ તથા બાયોફર્ટીલાઈઝરનો ઉપયોગ કરી રસાયણિક ખાતરનો વપરાશ ઓછો કરીને ખેતી ખર્ચ ઘટાડવા માટે અનુરોધ કર્યો હતો

ડો.એચ.એસ.વર્મા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (કીટકશાસ્ત્ર) દ્વારા મકાઇમાં આવતી જીવાતોનું સંકલિત નિયંત્રણ વિષે વિસ્તૃતમાં માહિતી આપી.

પ્રો.ચિરાગ જાદવ, મદદનીશ પ્રાધ્યાપક દ્વારા કૃષિ યાંત્રિકીકરણનું ખેતીમાં મહત્વ અંગે ખેડૂત-મિત્રોને જાણકારી આપેલ હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો.ડી.એમ.રાઠોડે કરેલ હતું.



